ગાંધીનગર સમાચાર

તા. ૩૧-૭-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### રાજકારણમાં શતમુખ વિનિપાત

સંસદભવનના રાજ્ય સભાગૃહના ગુંબજ પર મહાભારતનું સૂત્ર કોતરવામાં આવ્યું છે: ન સા સેના યત્ર ન સન્તિ વૃદ્ધા:। અર્થાત્ જે સભામાં ઉંમરલાયક ઘરડેરા હાજર ન હોત એને સભા ન કહેવાય. બ્રિટિશ પાર્લામેન્ટને અનુસરીને આપણા આદ્ય નેતાઓએ બંધારણ ઘડીને સંસદને બે ગૃહોમાં વહેંચી દીધી છે. હાઉસ ઓફ લોર્ડ્ઝ તરીકે ઓળખાતા બ્રિટિશ પાર્લામેન્ટના ઉપલા ગૃહના અનુકરણમાં રચાયેલી 'રાજ્યસભા'વાળા ઉપલા ગૃહમાં એવી પ્રતિભાઓને શોધી શોધીને બેસાડવી, જે ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓનો અને સરકારનો જરૂર પડ્યે કાન પણ આમળી શકે, એમને અવળા રસ્તે જતા અટકાવી શકે. રાજ્યસભાના સદસ્યને લોકસભાના સદસ્યની જેમ 'સંસદ સભ્ય' (મેમ્બર ઓફ પાર્લામેન્ટ) જ કહેવામાં આવે છે. તેઓ પણ કેન્દ્ર સરકારમાં મંત્રી બની શકે છે. વર્તમાન વડાપ્રધાન ડો. મનમોહનસિંહ કયારેય લોકસભાની ચૂંટણી લડીને સંસદમાં પ્રવેશ્યા નથી. એકવાર દક્ષિણ દિલ્હીની બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડેલા ત્યારે ભાજપના પ્રો. મલ્હોત્રા સામે હારી ગયા હતા. રાજ્યસભાના સદસ્યને જે-તે રાજ્યના ધારાસભ્યો ચૂંટી મોકલતા હોય છે. મનમોહનસિંહ આસામમાંથી ચૂંટાતા રહે છે; એ જ રીતે સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહમદ પટેલ અને ભાજપના બૌદ્ધિક નેતા અરુણ જેટલી ગુજરાતમાંથી ચૂંટાય છે. આમ રાજદ્વારી પક્ષો પોતાના પક્ષની એવી સમર્થ બુદ્ધિમાન પ્રતિભાઓ કે જે સીધેસીધો લોકસંપર્ક ન ધરાવતી હોય એમને આડકતરી રીતે ચૂંટાયેલા ધારાસભ્યોના મતોથી ચૂંટાવી લાવી એમની વિશિષ્ટ શક્તિનો પાર્ટી અને દેશના હિતમાં વિનિયોગ કરતા રહ્યા છે. રાજ્યસભા વિશેની મૂળ સંકલ્પનાનો છેદ ઉડાડી દઈ બદલાયેલા માહોલમાં ભળતા જ લોકો આ મોટેરાંના સભાગૃહના સદસ્ય બનવા લાગ્યા છે, તે ખરે જ ચિંતાનો વિષય ગણાવો જોઈએ. પં.જવાહરલાલ નેહરુ રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકર' જેવી પ્રતિભાને બે ટર્મ લગી બિહારમાંથી કોંગ્રેજના રાજ્યસભાના સદસ્ય તરીકે ચૂંટાવી લાવ્યા હતા, તો વળી રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભાના બાર નિયુક્ત સભ્યોમાં આપણે ત્યાં મૈથિલીશરણ ગુપ્ત, ઉમાશંકર જોશી, અમૃતા પ્રીતમ, ખુશવંતસિંહ જેવા સમર્થ સર્જકો કે કુલદીપ નાયર જેવા પત્રકાર, એમ.એફ.હુસેન જેવા ચિત્રકાર; દિલીપકુમાર, લતામંગેશકર અને નરગીસ કે શબાના આઝમી જેવી ફિલ્મી હસ્તીઓ પસંદ થતી રહી છે. ઉચ્ચકક્ષાના મહાજનો ઉદ્યોગપતિઓ અને લોકસેવકોનો આ વરિષ્ઠોના સભાગૃહોમાં સમાવેશ થવાથી 'રાજ્યસભા' એના નામ મુજબ સાચી રજાયસભા બની રહેતી હતી. ઉમાશંકરે સંસદને 'ભારત ચોરો' કહી બિરદાવેલી. અહીં આખા દેશના પ્રશ્નો ચર્ચાય, સંવાદ પણ થાય તો કયારેક વિવાદ પણ થાય. અંતે સર્વસંમતિ ન સધાય તો છેવટે બહુમતીથી રાષ્ટ્રહિતમાં નિર્ણય લેવાય. આવી રાજ્યસભાની સીટ હવે જાણે બજારુ ચીજ હોય એમ રૂપિયા ખર્ચીને ખરીદી શકાય છે- એવું નિવેદન ખુદ એક રાજ્યસભાના સાંસદના મુખેથી સાંભળવા મળે તે કેવી વિડંબના છે! હરિયાણામાંથી ચૂંટાયેલા રાજ્યસભાના કોંગ્રેસી સદસ્ય મૂળે ભલાભોળા જાટ એટલે એમના મોઢામાંથી સત્ય સરી પડ્યું. પાછળથી ફેરવી તોળવા જતાં પણ બિચારા ચૌધરી મુસીબતમાં મુકાઈ ગયા છે. રાજ્યસભાના સદસ્ય બનવા માટે એંશીથી સો કરોડનું બજેટ જોઈએ, તેવી રજૂઆતથી ભલભલાને ચક્કર આવી જાય તે સ્વાભાવિક છે. આટલા રૂપિયા વેરીને સાંસદ બનેલી વ્યક્તિ લોકોનું કામ થોડી કરશે? એને તો સૌ પ્રથમ પેલી ખરચેલી રકમ(મૂડી) પાછી મેળવવાના જ કારસા કરવા પડશે. એ પછી પણ આવો સદસ્ય તો રૂપિયાના કોથળા જ ભરતો રહેશે જેથી પોતે બીજી ટર્મ મેળવી શકે- કદાચ મંત્રીપદું પણ કોથળી ઢીલી કરવાથી જ મળી જાય! ભારતભૂમિની લોકશાહી કઈ હદે ભ્રષ્ટ થઈ છે, તેનું આ પ્રમાણ છે- ખુદ રાજ્યસભાના સદસ્યના શ્રીમુખેથી નીકળેલી અને રેકોર્ડ થઈ ગયેલી 'અમૃતવાણી' સાંભળ્યા પછી વિજય માલ્યા અને પરિમલ નથવાણી યાદ ન આવે તો જ નવાઈ.

### સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા પોલીસ દ્વારા

# ગાંધીનગરનાં વાવોલ સ્થિત શ્રી એમ. બી. પટેલ સ્કુલ ખાતે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડોએકેડમી, ગુજરાતની ગાંધીનગર શાખાના સહયોગથી વાવોલ ગામ સ્થિત શ્રી એમ. બી. પટેલ સ્કુલ ખાતે ૧૧ દિવસીય સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. શાળાની ૪૦-૪૦ વિદ્યાર્થીનીઓની બે બેચ માટે યોજાયેલી આ શિબિરમાં અકેડમીનાં પ્રશિક્ષક શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જ્યારે મદદનીશ શિક્ષક તરીકે શ્રી સુરજભાઈએ સેવાઓ પ્રદાન કરી હતી.

આ શિબિરનાં સમાપન પ્રસંગે અકેડમીનાં વડા ઓસેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા તથા સેક્ટર-૧૬ સ્થિત મહિલા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ શ્રી મનીષાબહેન પુવાર તથા શાળાનાં આચાર્ય શ્રી બળદેવભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. સમાપન કાર્યક્રમનાં પ્રારંભમાં વિદ્યાર્થીનીઓ દ્વારા તેમણે શીખેલ કળાનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રહાર કરવાની તથા બચાવ કરવાની વિવિધ ટેક્નિક્સ સહિત કોઈ વ્યક્તિ જ્યારે છેડતી કરતો હોય ત્યારે કેવી રીતે તેનો સામનો કરવો તેનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું.

સમાપન પ્રસંગે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ઓસેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે જે વસ્તુ જેટલી મૂલ્યવાન હોય તેનું તેટલું જ વધારે ધ્યાન રાખવું એ બુદ્ધિમત્તાની વાત છે. આપણું શરીર બહુ મૂલ્યવાન છે, તેનું રક્ષણ કરવાની જવાબદારી આપણી પોતાની છે. પોલીસ તો કોઈ ઘટના બને પછી આવે છે. દુર્ઘટના વખતે જો આપણને આવી કોઈ કળા આવડતી હોય તો જ આપણે પોતાનું રક્ષણ કરી શકીએ. તેમણે વિદ્યાર્થીનીઓને શિબિર દરમ્યાન શીખેલી ટેક્નિક્સનો સતત અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી હતી. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત મહિલા પીએસઆઈ શ્રી મનીષાબહેને પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અન્ય રાજ્યો કરતાં ઘણી સારી હોવા છતાં દરેક છોકરીઓએ સ્વબચાવ કરતા શીખી લેવું જોઈએ. શક્તિ અચાનક નથી આવતી તેના માટે મહેનત કરવી પડે છે. ભયમુક્ત જીવવું હોય તો આવી કળા શીખવી જરૂરી હોવાનું જણાવી તેમણે સૌ બહેનોને કરાટેનો અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અંતમાં માત્ર વિદ્યાર્થીનીઓ, શાળાની શિક્ષિકા બહેનો અને મહિલા પીએસઆઈ શ્રી મનીષાબહેન વચ્ચે વિદ્યાર્થીનીઓની સમસ્યાઓ ઉપર એક સંવાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જે ખૂબ લાભપ્રદ રહ્યાનું સૌએ જણાવ્યું હતું.

વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાત દ્વારા દરેક ભાગ લેનાર વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે આ પ્રમાણપત્રો તેમને એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્ય શ્રી બળદેવભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું જ્યારે અંતમાં આભારવિધિ શાળાના શિક્ષક દ્વારા કરવામાં આવી હતી.



લે આ મેલેરિયા અધિકારીનાં ઘરના સરનામા... પહેલા રાઉન્ડમાં તેમને લેવાના છે, પછી જો બાકીનાં શહેરીને કોણ બચાવે છે...!!

## ગુજરાત શુટીંગ ટીમે રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૩૦

આગામી ઓલ ઈન્ડિયા કક્ષની ૧૩મી કુમાર સુરેન્દ્રસીંગ મેમોરીયલ શુટીંગ ચેમ્પિયન શીપ કોમ્પીટીશન નવી દિલ્હીમાં તા. ૧૭મી જુલાઈ થી યોજાઈ હતી. જેમાં પાત્રતા સ્કોર મુજબ કૃષ્ણકુમાર બાઝ, રમતવીર તરીકે લજ્જા ગૌસ્વામી, કોમલ બારોટ, રૂષિરાજ બારોટ, ઉમેશ ચેવલી, કૃષાગ પટેલ, હિંમાંશુ ગાંધી, તાહીર મલેક, શિવાંગ બ્રહ્મભટ્ટ, બંસરી શાહ, દર્શીલ શાહ, અંજુ શર્મા, બ્રહ્માકુમારી ગોસ્વામી, સહરાજ વકીલ પુલકીત, નિમ્બાવાસ, સરોઝનીટ, હિના કૌશલ વોરા, દુષ્યંત પડારીયા, વાઈલ્ડ કાર્ડ એન્ટ્રીમાં પ્રવિણ પટેલ ગુજરાતનું પ્રતિનિધિ કરી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## બી.એડ. કોલેજમાં શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજમાં તાજેતરમાં તાલીમાર્થીઓને તત્કાલીન વિષય પર બોલવાનો મહાવરો થાય તે હેતુથી શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજમાં યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં એસ.એસ. પટેલ બી.એડ. કોલેજ અને આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કન્યા કેળવણી, અનામત પ્રથા, અંગ્રેજી ભાષાનું મહત્વ, શિક્ષણમાં નવી પધ્ધતિઓ વગેરે વિષયો પર તાલીમાર્થીઓએ વક્તૃત્વ રજૂ કર્યું હતું. સમગ્ર સ્પર્ધામાં એસ.એસ. પટેલ કોલેજના કિરણ પંડયા પ્રથમ સ્થાને અને માનસી શુકલ દ્વિતીય સ્થાને વિજેતા બન્યા હતા. આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજમાં રતીશ ગૌરવ પ્રથમ સ્થાને અને રોઝલીન દ્વિતીય સ્થાને વિજેતા બન્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. ખેવના ત્રિવેદી અને વિભા દ્વિવેદીએ કર્યું હતું.

## સી.એમ. હાઈસ્કુલમાં વાલી ચિંતન શિબિર

ગાંધીનગર, તા. ૩૦

ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓના વાલી અને વર્ગ શિક્ષકો, સુપરવાઈઝર, આચાર્યા સહિત વાલી ચિંતન શિબિર સી.એમ. હાઈસ્કુલમાં યોજાઈ હતી.

ચિંતન શિબિરમાં આચાર્યને છગનભા, દાસ કાકા, માણેકલાલા પટેલના યોગદાનથી ઊભી થયેલી સંસ્થાનો પરિચય આપ્યો. પરિણોની ઉજળીપરંપરા જળવાઈ રહી છે. તેની સરાહના કરી હતી. માતા-પિતાની ભૂમિકા સમજાવતાં અનેક સૂચનો કરી શાળાના વિદ્યાર્થી વિકાસ માટેની પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો. શિક્ષકો અને વાલીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સુપરવાઈઝર હરીભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ગણિતમાં વધુ ગુણ કેવી રીતે મેળવાય તેની સમજણ આપી હતી. મહેશભાઈ વડાલીયા, કનુભાઈ પટેલ, આર.આર. પટેલ, ડી.એન. પટેલ, એચ.એમ. અંસારી, દિલીપભાઈ ચૌધરી, જુદીજુદી ટેકનિક સમજાવી હતી.

આભારવિધી સુપરવાઈઝર પ્રહલાદભાઈ પટેલે કરી હતી. સંચાલન બિંદુબેન ચૌહાણે કર્યું હતું. ૩૨૦ વાલીઓએ હાજરી આપી હતી.

## રાજ્યમાં ગેરકાયદે ૫૦૦થી વધુ ડે-કેર શાળાઓ કાર્યરત

અમદાવાદ, તા.૩૦

શિક્ષણનો વ્યાપારીકરણનો પ્રશ્ન આજે આમ થઈ ગયો છે ત્યારે રાજ્યમાં શિક્ષણનાં વ્યાપારીઓ દ્વારા ડે-કેર શાળાઓના નામે વિદ્યાર્થીઓને લુટવાનો એક નવો રસ્તો બનાવી લેવામાં આવ્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગના નિયમોમાં ડે-કેર શાળાની કોઈ જોગવાઈ નથી. તેમ છતાં નિયમોની ઐસી-તૈસી કરી રાજ્યમાં અત્યારે ૫૦૦થી વધુ ડે-કેર શાલાઓ બેરોકટોક ચાલી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર એમ ત્રણ પ્રકારની શાળાઓ ચલાવવાની મંજુરી આપવામાં આવે છે. આ ઉપરાંત આશ્રમ શાળાઓષ ગુરૂકુળ શાળાઓને પણ મંજુરી આપવામાં આવશે. પરંતુ રાજ્યના શિક્ષણ વિભાગના કાયદામાં ડે-કેર શાળાઓને મંજુરી આઓપવાની કોઈ જોગવાઈ નથી. તેમ છતાં શિક્ષણ વિભાગની રહેમ નગર હેઠળ રાજ્યમાં ધોરણ-૧૧, ૧૨ સાયન્સ કોમર્સ ઉપરાંત માધ્યમિકની મળી કુલ ૫૦૦ જેટલી ડે-કેર શાળાઓ કાર્યરત છે. આવી શાળાઓ ગેરકાયદેસર હોવા છતાં તેને બેરોકટોક ચલાવવામાં આવી રહી છે. એટલું જ નહીં વર્તમાન પત્રો અને જાહેર હોર્ડિંગ્સો ઉપર આવી શાળાઓની ખુલ્લેઆમ જાહેરાત કરવામાં આવે છે. શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ આવી શાળાઓની મુલાકાત લેતા હોય છે. પંરતુ આવી શાળાઓ નિયમો વિરૂદ્ધ ચાલી રહી તેમ છતાં ધ્યાનમાં આવતું નથી. અને તંત્રની રહેમ નજર હેઠળ ડે-કેર શાળાઓના નામે વિદ્યાર્થીઓ પાસેથી ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે.

## ૧૫૮ કોલેજની ૫૫૩૨ સીટ માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે

અમદાવાદ, તા.૩૦

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહી પછી ઈન્ડિયન મેડિકલ ઈન્સ્ટિટ્યુટ ઓફ નર્સીંગમાં જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરી અને ઓક્ઝિલરી નર્સીંગ એન્ડી મીડવાઈફરીમાં પ્રવેશ માટે આવતીકાલથી પ્રવેશ ફોર્મનુંવિતરણ શરૂ કરાશે. આ ફોર્મમાં રાજ્યમાં એક્સિસ બેંકની ૪૨ શાખાઓથી કરવામાંઆવશે જેમાંથી અમદાવાદમાં વિદ્યાર્થીઓ એક્સિસ બેંકની ચાર શાખાઓ પરથી પ્રવેશ ફોર્મ મેળવી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ પછી જનરલ ઓક્ઝિલરી નર્સીંગની ૧૫૮ કોલેજોની કુલ ૫૫૩૨ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ માટે આવતીકાલથી રાજ્યની એક્સિસ બેંકની ૪૨ શાખાઓ ઉપરથી પ્રવેશ ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાની નજીકની એક્સિસ બેંક શાખામાંતી ૧૪ ઓગસ્ટ સુધી રૂપિયા ૧૭૦ ભરીને પ્રવેશ ફોર્મ મેળવી શકશે. ત્યારબાદ વિદ્યાર્થીઓ અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ ખાતે સ્થિતિ જીએનએમ અને એએનએમની પ્રવેશ સમિતિમાં ૧૭ ઓગસ્ટ સુધી પ્રવેશ માટે અરજી કરી શકશે. જેમાં વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મની સાથે ધોરણ-૧૨ની માર્કશીટ, જાતિનું પ્રમાણપત્ર સહિત વિવિધ દસ્તાવેજી પુરાવા જમા કરાવવાના રહેશે. ૧૭મી ઓગસ્ટ સાંજે પાંચ વાગ્યા પછી કોઈનું અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.

## આજે સમર્પણ કોલેજ દ્વારા માર્કેટીંગ વિષય પર વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૩૦

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સેકટર-૮ ગાંધીનગર દ્વારા નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ ખાતે ઓમાહા યુનિવર્સિટી, નેબ્રાસ્કા યુ.એસ.એ.ના ડૉ. બિરૂદ સિંઘનું વ્યાખ્યાન યોજાશે.

નેબ્રાસ્કાના ડૉ. બિરૂદ સિંઘ આજે સવારે ૯ કલાકે 'માર્કેટીંગ સ્ટ્રેટેજી ઓફ ચાઈના' વિષય પર પોતાનું વ્યાખ્યાન આપશે. સમર્પણ કોલેજના કોમર્સ વિભાગ અંતર્ગત યોજાનાર આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને શંકરસિંહ વાઘેલા હાજર રહેશે એમ કોલેજના આચાર્ય ડૉ. ઋચાબેન બ્રહ્મભટ્ટે જણાવ્યું છે.

## બાલવા શાળાનો રસ્સા ખેંચમાં જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના બાલવા ગામે આવેલી સ્વામીનારાયણ હાઈસ્કૂલના અંડર-૧૯ ભાઈઓ અને અંડર ૧૯ બહેનોમાં તાજેતરમાં જિલ્લા કક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

સ્વામીનારાયણ હાઈસ્કૂલના અંડર ૧૯ ભાઈઓમાં અક્ષય, વિપુલ, ગોપી, આશિષ, ધાર્મિક, વિમલ, વિપુલ, કિરણ, ભાટી મહિપતે તેમજ અંડર ૧૯ બહેનોની ટીમમાં પ્રિયંકા, જાનુ, મૈત્રી, વિરલ, નિલમ, નિશા, સ્વપ્રિલ, શિવાની, મનિષા પરમારે જિલ્લા કક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજેતાઓને આચાર્ય અર્જૂનસિંહ પરમાર, પ્રમુખ અને ટ્રસ્ટીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સંતાનો કયારેક સંસ્કૃતિના અભાવથી તો કયારેક સંપત્તિના અતિરેકથી અધોગતિના માર્ગે જાય છે

**સમાજ ચિંતન**

- પોપટલાલ પ્રજાપતિ

મનુષ્ય જન્મે તો બધા ફરિશ્તા હોય છે પણ દુનિયામાં પ્રવેશ કર્યા પછી તેનામાં સમાજની મલિનતા પ્રવેશ કરે છે. પછી તો સારો માણસ બનવા માટે પણ તેને મથામણ કરવી પડે છે. માનવીના વિકાસમાં ત્રણ બાબતો વિશેષ મહત્ત્વ ધરાવે છે. સંયુક્ત પરીવાર, સંસ્કૃતિ અને સંપત્તિ, સંયુક્ત કુટુંબ એ તો હવે એક હતો રાજા અને એક હતી. રાણીની વાર્તા જેવું થઇ ગયું છે. પરણીને સાસરે આવેલી પુધવઘુ ક્યારેક ઝઘડીને પણ પરિવારથી અલગ થઇ જાય છે. પરિણામે સંયુક્ત કુટુંબના લાભોથી તેમના બાળકો વંચિત રહી જાય છે. પણ ખેર, બદલાતી જતી માનસિકતા વચ્ચે આ બધી વાતો પરીકથા જેવી લાગશે. બીજી વાત આવે છે સંસ્કૃતિની. જયાં સંસ્કૃતિનો અભાવ હોય અથવા સંસ્કૃતિમાં ગંદવાડ પ્રવેશે ત્યાં સંપત્તિનું વસ્ત્રાહરણ થાય છે. સંતાનો કયારેક સંસ્કૃતિના અભાવથી તો કયારેક સંપત્તિના અતિરેકથી અધોગતિના માર્ગે જાય છે.

વિનાયકરાવ બક્ષીનો પરિવાર ગર્ભશ્રીમંત હતો. દુ:ખનો ઓછાયો પણ પરિવાર પર કદી પડ્યો ન હતો. પરિવારમાં એક દીકરો અને એક દીકરી હતા. બંને સાહ્યબીમાં ઉછરેલા. તેમને કોઇ વાતની અછત વર્તાવા દીધેલી નહી. દિકરી મોટી થતા ધામધૂમથી લગ્ન કરી વિદાય કરી. હવે સઘળી મિલકતનો વારસદાર એક માત્ર દિકરો હતો. પિતાએ કહેલું બેટા, જલસા કર, તારી સાત પેઢીએ ખુટે નહિ એટલી મિલકત ભેગી કરી છે... અને દીકરો બેફામ બન્યો. મોંઘામાં મોંઘી ગાડી, મોંઘા પરફ્યુમ, મિત્રોની સોબત અને તેમાંથી શરાબ સુંદરીની લતે ચઢ્યો. ક્યારેક મોટા જુગાર રમી લેતો અને હવે તો સટ્ટાખોરીમાં મોટા સોદા કરવા લાગતો. પ્રત્યેક સોદામાં મોટી ખોટ આવે છતાં બેવડા જુસ્સાથી સોદા રમતો. પિતાએ એક વાર તેને ઠપકો આપ્યો પણ દિકરીને તેની પરવા નહોતી. દીકરો કાળું બહાર જઇ રહ્યો હતો. તેનામાં ઉછૃંખલતા, બદત્તમીઝી અને પ્રમાદીપણું ઘર કરતાં હતા, કારણ કે સંપત્તિ ખુટે તેમ નહોતી... બક્ષી સાહેબને લાગ્યું કે આમને આમ તો કટકે કટકે ભેગી થયેલી સંપત્તિ વાવાઝોડાની જેમ ઊડી જશે... પણ હવે તેઓ લાચાર હતા. અનાયાસે મળેલી સંપત્તિએ દિકરાને બેફામ બનાવ્યો હતો... હવે પાછા વળવું મુશ્કેલ હતું... હવે તે ડ્રગ લેતો પણ થયેલો... અને બક્ષી સાહેબ બી.પી, ડાયાબિટીશ, હાઇ પરટેન્શનના દર્દી બનવા ગયા...

આ તો થઇ એક ગર્ભશ્રીમંત પરિવારની વાત. પર ઇતિહાસ ગવાહ છે મોટા ઘરનાં લોકો સંતાનોને એટલા લાડ-પ્યાર કરે છે કે તેઓ મોટા થવાને બદલે ખોટા થાય છે. જગતમાં પ્રેમાળ પતિ તરીકે નામના મેળવનાર શાહજહાં પોતાના પુત્રને પ્રેમ ન આપી શક્યા. પુત્ર ઔરંગઝેબે પિતા શાહજહાંને આગ્રાના લાલકિલ્લામાં બંદી બનાવીને રાખેલા. સતત આઠ વર્ષ સુધી. અને આ કિલ્લામાં બંદી બનાવીને રાખેલા, સતત આઠ વર્ષ સુધી. અને આ કિલ્લાની ફરતે મોટી ખાઇઓ ખોદી રાખેલી જેથી કોઇ તેમનો સંપર્ક ન કરી શકે. દિકરાએ પણ આઠ વર્ષ સુધી સગા બાપનું મોં નહોતું જોયું.

ક્યારેક એવું પણ બને છે કે માનવી જગત પર શાસન કરતો હોય પણ તેના ઘરમાં અંધારૂં હોય... મહાત્મા ગાંધીની એક હાલકથી યુવાનો સ્કૂલ-કોલેજનો ત્યાગ કરી વંદે માતરમ્‌ના નારા સાથે શહાદત વહોરવા તૈયાર થતા. આખા દેશના યુવાનોમાં દેશપ્રેમની ભાવના જગાડી શકનાર મહાત્મા પોતાના દિકરા હરિલાલ પર કામણ ન કરી શક્યા. ઉલ્ટાનું દીકરો હરિલાલ બાપુની પ્રત્યેક વાતનો વિરોધ કરતો, એટલું જ નહિ બાપુને ખીજવવા તેને માંસ મદિરા પાન પણ શરૂ કરેલું. છેલ્લે હરિલાલનો મૃતદેહ ફોકલેન્ડ રોડ પર એક સેક્સવર્કરને ત્યાંથી મળેલો. મોટા ઘરનાં નબિરાઓ પોતાની ખાનદાનીનું રખોપું કરવામાં કેમ પાછી પાની કરતા હશે? આને ઉછેરની ખામી ગણવી કે પિતા સામે વિદ્રોહ? હરિયાણાના જાટ નેતા દેવીલાલ ખેડૂતોના મસીહા ગણાતા. તેમનો પડ્યો બોલ ઝીલવામાં ખેડૂતો હરિયાણાના આ માજી મુખ્યમંત્રી હાલ જેલવાસ ભોગવી રહ્યા છે. સુનિલ દત્ત અને નરગિસ જેવા ખાનદાન અને પ્રેમાળ માતા-પિતાનો દિકરો ડ્રગના રવાડે ચઢે અને ત્રાસવાદીના સંગતે ચઢી છેવટે જેલ ભોગવવાનો વારો આવે તો પ્રશ્ન એ થાય કે સમૃદ્ધ પરિવારોમાં કોઇ પ્રકારની ખોટ હોતી નથી, તો ખામી ક્યાં રહી જાય છે? તમામ પ્રકારની સગવડતાઓ વચ્ચે પણ તેમને શાનો અભાવ નડ્યો હશે?

પટૌડી નવાબનો દીકરો પણ મારામારીના કેસમાં જેલમાં જાય કે સલમાન ખાન જેવો પ્રસિદ્ધ સિતારો સઅપરાધ મનુષ્યવધના કેસમાં જેલમાં જવાની તૈયારી કરતો હોય ત્યારે એક વાત જરૂર સમજાય છે કે મોટા થવાની ધૂનમાં મોટા લોકોને ક્યારેક ઘર પ્રત્યે બેપરવા બને છે. પરિણામે મોટા સંતાનોને ખોટા થતા વાર લાગતી હતી. સંતાનો ક્યારેક એવું માની બેસતા હોય કે જીવનમાં બધુ છે. મહેનત કરવાની ક્યાં જરૂરી છે? અનાયાસે મળતી સંપત્તિને વિના પરસેવે મળથી સંતાનોને છાટકા બનાવી દે છે. મધ્યમવર્ગના બાળકો કાયમ ખેંચ અને અભાવ વચ્ચે જીવતા હોય છે. એક નાનકડી ભૂલ તેમને જીવનના દસ વર્ષ પાછળ ધકેલી દે પરિણામે તેઓ સદા સતર્ક અને સાવધાન રહી ડગલું માંડે છે, અને તેમનામાં જીવનની ગંભીરતાનું મૂલ્ય આંકવાની સમજણ આપોઆપ આવી જાય છે. તેઓ કસાઇને મજબૂત બને છે. પરિણામે તેમનામાં દુર્ગુણઓને પ્રવેશવાનું છિદ્ર મળતું નથી.

મોટા પરિવારો આધુનિકતાનો દેખાડો કરવામાં કે સમૃદ્ધિનું પ્રદર્શન કરવામાં સંતાનોને અત્યાધુનિકતાનો દેખાડો કરવામાં કે સમૃદ્ધિનું પ્રદર્શન કરવામાં સંતાનોને અત્યાધુનિક સાધનોથી સજ્જ કરી દે છે. સ્કૂટરથી ચાલે તેમ હોય ત્યાં ફોર વ્હીલર લઇ આપવામાં આવે. બેફામ ગાડી ચલાવી ક્યાંક ગુનો કરી બેસે તો ઓળખાણનો રોફ જમાવી તેને બાઇજ્જત કરી કરાવાય. પરિણામે તે કાયદાની ઐસીતૈસી કરતો થઇ જાય છે. તમારી મોટાઇનો ઉપયોગ સંતાનોના ઘડતર માટે કે ચારિત્ર્યના જતન માટે કરવાને બદલે તેનો રોફ વધારવા કરશો તો તમારા સંતાનો મોટા નહિ થાય પણ ખોટા જરૂર થશે.